# ગૌરક્ષાના સંદેશા સાથે દિલ્હીથી કન્યાકુમારી સુધી પદયાત્રાએ નીકળેલો યુવાન....!!!!

### અગિયાર હજાર કિમીની પદયાત્રાના માર્ગો પરની ગ્રામ્ય અને શહેરી પ્રજાને જાગૃત કરશે

ગાંભોઈ, તા.૨૮

ઉત્તર પ્રદેશના આંબેડકરનગર જિલ્લાના અયોધ્યાનગર ગામનો ૩૨ વર્ષીય યુવાન અખિલેશ સોનીએ દેશભરમાં ગૌરક્ષા અને હિન્દુ ધાર્મિક સ્થળોની સુરક્ષા જાળવવાના ઉદ્દેશ સાથે દિલ્હીથી તારીખ ૧ જુલાઈ ૨૦૨૩ના રોજ પદયાત્રા શરૂ કરી દક્ષિણ ભારતના કન્યાકુમારી સુધી જવા નીકળેલ આ પદયાત્રી યુવાન દિલ્હી, હરિયાણા, રાજસ્થાન થઈને ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં પ્રવેશ કર્યા બાદ નેશનલ હાઈવે પરના ગાંભોઈ ખાતે શુક્રવારના રોજ વહેલી સવારે આવી પહોંચતા વિશ્વ હિન્દુ પરિષદના ગાંભોઈ પ્રખંડના અધ્યક્ષ ગુણવંતસિંહ સિસોદિયા, ભગવાનદાસ ચૌધરી, મહેન્દ્રભાઈ થોરી, સરપંચ જગતસિંહ પરમાર, તાલુકા સદસ્ય કુલદીપસિંહ રાઠોડ, અમિતભાઈ સુખડિયા સહિત સ્થાનિક ગ્રામજનો દ્વારા પદયાત્રી અખિલેશ સોનીનું ફૂલહાર અને તિલક કરી સ્વાગત કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે પદયાત્રી યુવાને જણાવ્યું કે વર્તમાન સમયમાં પ્રત્યેક નાગરિક ગૌરક્ષા કરવી ખૂબ જરૂરી છે.




હિન્દુના ધર્મસ્થાનો આસપાસ દારૂ-મટન જેવી બદીઓને દૂર કરી ધર્મસ્થાનોના મહત્વ સાથે તેની સુરક્ષા જળવાય તે ઉદ્દેશથી દિલ્હીથી કન્યાકુમારી સુધીના અગિયાર હજાર કિમીના માર્ગો વચ્ચે આવતા તમામ રાજ્યોના શહેરો અને ગામડાની જનતામાં લોકજાગૃતિ લાવવાનો આ પદયાત્રાનો મુખ્ય ઉદ્દેશ છે. તેઓએ વધુમાં જણાવેલ કે આ પદયાત્રા દરમિયાન ગુજરાતની ગ્રામ્ય અને શહેરી પ્રજાનો સુંદર સહયોગ મળી રહ્યો છે. આ પદયાત્રી યુવાન ઉત્તર પ્રદેશના અયોધ્યાનગરમાં એક ભંગાર સામાન લે-વેચની નાની દુકાન ધરાવે છે.

### મહિલા ચીફ ઓફીસરની રજૂઆત રંગ લાવી

# બાયડ પાલિકામાં આખરે જનભાગીદારીથી ૩ સોસાયટીઓના કોમન પ્લોટમાં બ્લોક નંખાશે

### બાયડ પાલિકાની જનભાગીદારીની ગ્રાન્ટ મોડાસા નગરપાલિકાએ વાપરી નાખી : ૨ થી વધુ સોસાયટીઓએ ૧૭ મહિના થવા છતાં કામ ન થતાં ૨૦ ટકા રકમ પરત લીધા (ફોટો

બાયડ, તા.૨૮

બાયડ નગરપાલિકા વિસ્તારમાં જનભાગીદારીથી સોસાયટીઓના કોમન પ્લોટમાં




૭૦૩૦ની ગ્રાન્ટમાં બ્લોક નાખવાની જાહેરાત પછી ૧૭ મહિના સુધી કામગીરી ન થતાં કેટલીક સોસાયટીઓના ઓર્ગેનાઈઝરોએ ભરેલ રકમ પરત લઈ લીધી પરંતુ બાયડ પાલિકાના મહિલા ચીફ ઓફીસરે ગાંધીનગર રીજીયોનલ કચેરીમાં આ અંગે મુદ્દાસર રજૂઆત કર્યા પછી બાયડ પાલિકાની અદ્રશ્ય થયેલી ૬૮ લાખની ગ્રાન્ટ પુન ફળવાતાં બાયડની ૩ સોસાયટીઓના કોમન પ્લોટમાં હવે બ્લોક નાખવાનો માર્ગ આસાન બની ગયો છે. આશ્ચર્ય વચ્ચે બાયડ પાલિકાની જનભાગીદારીની માતબર ગ્રાન્ટ મોડાસા નગરપાલિકાએ વાપરી નાખતાં આવનારા દિવસોમાં આ મુદ્દો વહીવટીય બનવાની પણ સંભાવના વધી ગઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર પાછલા ૭-૮ વર્ષ દરમ્યાન દરેક નગરપાલિકા વિસ્તારોમાં જનભાગીદારીના કામોને સરકારે મંજૂરીની મહોર મારી હતી અને તેમાં ૭૦ ટકા સરકાર અને ૩૦ ટકા સ્થાનિકો ભરે તો જનભાગીદારીથી અનેક કામો થઈ શકે. બાયડ પાલિકામાં ૧૭ મહિના અગાઉ સ્વામિનારાયણ સોસાયટી, સત્યમ સોસાયટી, વૃન્દાવન સોસાયટી, વ્રજભૂમિ સોસાયટી, વ્રજગાર્ડન સોસાયટી, અરજણવાવ ઉમિયા મંદિર સહિતના વિસ્તારોમાં જનભાગીદારીથી બ્લોક નાખવામાં સરકારની યોજનામાં અનેક સોસાયટીઓએ રસ દાખવ્યો હતો અને બાયડ પાલિકાએ સામાન્ય સભામાં ઠરાવ કર્યા પછી ૨૦ ટકા પ્રમાણે જે તે સોસાયટીઓ પાસેથી રકમ પાલિકામાં જમા કરાવી પરંતુ ૧૭ મહિના સુધી કામો ન થતાં રહીશો સહિત સોસાયટીઓના હોદ્દેદારોમાં પણ રોષ જોવા મળ્યો હતો. લાંબા સમય સુધી પાલિકામાં પૈસા ભર્યા છતાં જનભાગીદારીનું કામ હાથ ઉપર ન લેવાતાં સત્યમનગર સોસાયટીના રહીશોએ ભરેલી રકમ પરત લઈ લીધી હતી. ત્યારબાદ બાયડ પાલિકા ચીફ ઓફીસરે આ અંગે ગાંધીનગર રીજીયોનલ કમિશ્નર, નગરપાલિકાઓ સમક્ષ બાયડ પાલિકાની ૬૮ લાખની જનભાગીદારીની ગ્રાન્ટ મુદ્દે રજૂઆત કરી હતી અને તપાસ દરમ્યાન વર્ષ- ૨૦૧૮માં બાયડ પાલિકાની ગ્રાન્ટ મોડાસા નગરપાલિકામાં તબદીલ થઈ ગઈ હતી અને તેમને જનભાગીદારીના કામો કરી નાખતાં બાયડ નગરપાલિકામાં જનભાગીદારીના કામો ખોરંભે પડી ગયાનું જાણવા મળ્યું છે. હવે ટૂંક સમયમાં ૩ સોસાયટીઓમાં બ્લોક નાખવાનું કામ હવે શરુ થઈ શકે છે.

#### જનભાગીદારીની ગ્રાન્ટમાં કામ થશે - ચીફ ઓફીસર

બાયડ પાલિકા ચીફ ઓફીસર સાવિબેન સોનીએ જણાવ્યું કે બાયડ પાલિકાની ૬૮ લાખની જનભાગીદારી ગ્રાન્ટનો જે ઈસ્યુ હતો તે અંગે આર.સી.એમ.માં યોગ્ય રજૂઆત પછી પ્રશ્નનો ઉકેલ આવી ગયો છે. બાયડ પાલિકાની જે સોસાયટીઓએ બ્લોક નાખવા માટે રકમ ભરી છે તેમના કોમન પ્લોટમાં હવે કામગીરી નિયમાનુસાર શરુ કરાશે અન્ય કંઈપણ બાબતે કહેવાનો ઈંકાર કર્યો હતો.

# ડીસામાં દશામાંના વ્રત નિમિત્તે સેવા કેમ્પ યોજાયો

ડીસા, તા. ૨૯

શ્રાવણ માસમાં ૧૦ દિવસ મહિલાઓ દશામાના વ્રતની ઉજવણી કરતી હોય છે. ત્યારે દશામાના મંદિરે ૧૦ દિવસ મોટો મેળો ભરાય છે અને આ મંદિરે રાત્રે રાસ ગરબાનું પણ આયોજન કરાય છે. આ મંદિરે ભરાતા મેળામાં સમગ્ર ગુજરાત સહિત રાજસ્થાનથી પણ લોકો મોટી સંખ્યામાં મા દશામાના દર્શનાર્થે આવે છે. તેમજ દર વર્ષે ચૈત્ર સુદ ચૌદસના દિવસે પાટોત્સવનું આયોજન કરાય છે. જેમાં હવન તેમજ મહાપ્રસાદ અને શોભાયાત્રાનું આયોજન કરવામાં આવે છે અને મોટી




સંખ્યામાં લોકો આ પાટોત્સવ મહોત્સવમાં આવે છે. ત્યારે દાતાઓ દ્વારા મેળામાં આવતા અને દશામાંના મંદિરે દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓ માટે વિવિધ સેવા કેમ્પનું આયોજન કરવામાં આવે છે જેમાં રેલવે સ્ટેશન રોડ ઉપર આવેલ મહાકાળી માતાજીના મંદિરનાં ભુવાજી શિવાભાઈ દ્વારા પણ સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ સેવા કેમ્પનો લાભ લીધો હતો.

### માંદગી દૂર કરનારો વિભાગ બિમારીના સરોવરમાં

# ચિત્રોડા આરોગ્ય કેન્દ્ર આગળ વરસાદી પાણી ભરાતાં રોગચાળાનો ભય : શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ પરંતુ શેમાં?


બાયડ, તા.૨૮

ઈડર તાલુકાના ચિત્રોડા આરોગ્ય કેન્દ્ર આગળ વરસાદી પાણી ભરાતાં મચ્છરજન્ય રોગચાળો વકરવાનો ભય હાવિ થયો છે. માંદગી દૂર કરનારો આરોગ્ય વિભાગ બિમારીના સરોવરમાં હોય તેવી સ્થિતિ છે. તાજેતરમાં ચિત્રોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ અપાયો ત્યારે સવાલ એ થાય છે કે કઈ કામગીરીમાં શ્રેષ્ઠતા ગણી શકાય..?? પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાના અનેક આરોગ્ય કેન્દ્રો આગળ ગંદકી અને તમાકુ, ગુટખાનું ખુલ્લેઆમ વેચાણ થતું હોવા છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. કેટલાક આરોગ્ય કેન્દ્રોની નજીક બેરોકટોક ઉકરડા ઢગ ખડકાયા છે અને અનેક વિસ્તારોમાં આરોગ્ય કેન્દ્રો દ્વારા ઉકરડા હોય તેવા લોકોને પંચાયતના કહેવાથી નોટિસ આપવામાં આવે છે ત્યારે ઈડર તાલુકાના ચિત્રોડાના કેટલાક રહીશોએ જણાવ્યું કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આગળ જ વરસાદી પાણીના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધતાં ગામમાં શંકાસ્પદ ડેન્ગ્યુ અને મેલેરીયાના એક ડઝનથી વધુ કેસ નોંધાયા છે ત્યારે ચિત્રોડા આરોગ્ય કેન્દ્ર આગળની જ ગંદકી દૂર થતી ન હોય તો અન્ય માટે તો શું વિચારવું ?? જિલ્લા



મુખ્ય આરોગ્ય અધિકારી શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ જીતનાર ચિત્રોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લેશે ખરા ??

# પ્રાંતિજ ખાતે દિવસે પણ સ્ટ્રીટ લાઈટો ચાલુ: પ્રાંતિજ પાલિકા વિજળી બચાવો અભિયાન વિરોધમા





પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે દિવસે પણ પ્રાંતિજ ના કેટલાક વિસ્તારોમા સ્ટ્રીટ લાઈટો ચાલુ જોવા મળી હતી ત્યારે પ્રાંતિજ પાલિકા વિજળી બચાવો અભિયાન ના ધજીયા ઉડાવવા માગતુ હોય તેવુ હાલતો સ્પષ્ટ પણે જણાઈ આવે છે. સરકાર દ્વારા વિજ બચાવો અભિયાન માટે લાખ્ખો રૂપિયા નો ખર્ચ કરી વિવિધ જાહેરાતો સાથે લોકો ને જાગૃતિ કરવામા આવે છે ત્યારે પ્રાંતિજ ખાતે પ્રાંતિજ પાલિકા દ્વારા રાત્રી દરમ્યાન પ્રકાશ માટે લગાવવામા આવેલ સ્ટ્રીટ લાઈટો કેટલાક વિસ્તારોમા દિવસે ચાલુ જોવા મળી રહી છે ત્યારે પ્રાંતિજ પાલિકા જાણે વિજળી બચાવો અભિયાન ના ધજાગરા ઉડાવતી હોય તેવુ હાલતો સ્પષ્ટ પણે જણાઈ આવે છે ત્યારે દિવસ દરમ્યાન સ્ટ્રીટ લાઈટો ચાલુ રહેતા વીજ બીલ પણ વધારે આવે છે ત્યારે સ્ટ્રીટ લાઈટો ચાલુ રહેતા નગરજનો મા પણ પાલિકા ની કામગીરી ઉપર રોષ જોવા મળી રહ્યો છે તો બીજી બાજુ પ્રાંતિજ પાલિકા પાલિકાનુ અગાઉ વિજ બીલ ના ભરી શકતા જેને લઈ ને પાલિકા નુ અગાઉ ત્રણ વાર વિજ કનેક્શન કપાયુ છે જેમા પાલિકાનુ સ્ટ્રીટ લાઈટ નુ બે વાર કનેક્શન તથા પાલિકા કચેરી નુ પણ એક વાર વિજ કંપની દ્વારા વિજ જોડાણ કાપવામા આવ્યુ છે છતાંય પ્રાંતિજ પાલિકા ને જાણે કોઈ ફરક ના પડયો હોય તેમ વિજળી બચાવવામા કોઈ રસ ના હોય તેમ પ્રાંતિજ ના કેટલાક વિસ્તારો માં દિવસ દરમ્યાન પણ સ્ટ્રીટ લાઈટો ચાલુ જોવા મળતી હોય છે ત્યારે સરકાર દ્વારા વિજળી બચાવો અભિયાન ઉપર પ્રાંતિજ પાલિકાએ જાણે પાણી વાળી દીધુ હોય તેવુ સ્પષ્ટ પણે જણાઈ આવે છે.

# પ્રાંતિજ વિજકંપની ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ તાલુકાની સેલ્ફ ફાઈનાન્સ સ્કુલ એસોસિયેશન દ્વારા પ્રાંતિજ વિજકંપની ખાતે વુક્ષારોપણ કાર્યક્રમ યોજાયો.

પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર માં આવેલ વિજકંપની ખાતે વુક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો જેમા પ્રાંતિજ તાલુકા સેલ્ફ ફાઈનાન્સ સ્કુલ એસોસિયેશન દ્વારા વુક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો જેમા તક્ષશિલા વિધાલય, અવરઓન વિધાવિહાર, અવરઓન ઈંગ્લીશ મેડીયમ સ્કુલ સંસ્કાર વિધાલય, આનંદ વિધાલય, નાલંદા વિધાલય સહિતની સ્કુલો ના ૮૦ એટલા



વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાંતિજ વિજકચેરી ખાતે આવેલ હનુમાન મંદિર સંકુલ પરિષદ માં આયોવેદિક વુક્ષો નુ વુક્ષારોપણ કરવામા આવ્યુ હતુ જેમા પ્રાંતિજ વિજકંપની ના નાયબ ઈજનેર સાગરભાઈ સોની , પરેશભાઈપરમાર ,દર્શિલ ભાઈ દેસાઈ , વોરા અબ્દુલ્લાભાઈ , સહિત ઉપસ્થિત રહ્યા હતા તો શિક્ષકો દ્વારા શાળામા અભ્યાસ ની સાથે બાળકોને પર્યાવરણ વિશે જાણકારી આપી માહિતગાર કર્યા હતા અને આયોવેદિક અને ઓક્સિજન આપતા વુક્ષો નુ વુક્ષારોપણ કરવામા આવ્યુ હતુ.

### તલોદ તાલુકાના કેશર પુરા ગામમાં ગેરકાયદેસર જમીન પચાવી દેવા સંદર્ભે

# લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ત્રણ દિવસમાં ત્રણ અલગ-અલગ કુલ આઠ ઈસમો સામે ગુના નોંધાતા ભુ-માફિયાઓમાં ફફડાટ

તલોદ, તા. ૨૮

આ અંગે મળતી માહિતી પ્રમાણે તલોદ તાલુકાના સલાટ પુર ગામના ગિરીશ ભાઈ છોટા ભાઈ પટેલ જેઓ ઈન્ડિયન આર્મી માં થી નિવૃત્ત થઈ હાલ ખેતી કરી પોતાનું જીવન નિર્વાહ ચલાવી રહ્યા છે તેઓને સલાટ પુર ગામમાં સર્યુક્ત માચાર વીઘા જમીન આવેલી છે છે અને મહિયલ ગામની સીમમાં સર્વ નંબર ૪૪૪ જેમાં ૫-૧૦-૫૧ હેકટર જમીન આવેલી છે ગિરીશ ભાઈ બંને જમીનમાં બંનેમાં ખેતી ખેતી કરી રહ્યા હતા જે પૈકી મહીયલ ની સીમ માં આવેલ ૫ હેકટર ઉપરાંત જમીન સર્વે નંબર ૪૪૩ નો છે અને તે જમીનના માલિક ભરત સિંહ કાય સિંહ પરમાર રહે જૂના કેશર પુરા તા તલોદ ના ઓ છે અને બધી જમીન નું શરતચૂક થી એકત્રીકરણ થયેલ જેથી ગિરીશ ભાઈ એ ભરતસિંહ ને વાત કરી રી સર્વ કરાવ્યું હતું રિસવે કરાવ્યું તે વખતે એમનો સર્વ નમ્બર ૪૪૪ હતો જે જમીનમાં ભરત સિંહ કાય સિંહ પરમાર ખેતી કરી રહ્યા હતા રીસર્વે બાદ સર્વે નંબર ૪૪૩ વાળી જમીન ભરત સિંહ ને આપી દીધી હતી અને સર્વે નંબર ૪૪૪ગિરીશ ભાઈ ની માલિકીની જમીન નો કબ્જો લેવા માટે ભરત સિંહ અને તેમના વારસો એ જણાવતા ગિરીશ ભાઈ એ સર્વે નંબર ૪૪૪ વાળી જમીન નો કબ્જો સોંપી દેવા માટે જણાવ્યું હતું દરમ્યાન ગિરીશ ભાઈ અને તેમના ભાઈ ઉમેશ ભાઈ બંને તેમની મહિયલ ની સીમ માં આવેલ જમીન ખેડવા માટે ગયેલ તે સમયે ૧ પરેશ ભાઈ જયંતિ ભાઈ પરમાર સહિત સાત જણ ઝઘડો કરી કહેવા લાગ્યા હતા કે આ જમીન માં તો અમારા બાપ દાદા વર્ષો થી ખેતી કરતા આવ્યા છે અને હાલ અમો પણ ખેતી કરી રહ્યા છીએ જેથી તમારે આ જમીનમાં ખેતી કરવા માટે પ્રવેશ કરવો નહી નહીંતર તમોને મારી નાખીશું જેથી ભય ના કારણે બંને ભાઈ ગભરાઈ ગયા હતા ત્યારબાદ જિલ્લા કલેકટર સમક્ષ જમીનનો કબજો મેળવવા માટે તેમજ ગેરકાયદે કબજો કરનાર ઈસમો સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવા દાદ માગતા જિલ્લા કલેકટર દ્વારા૧પરેશ ભાઈ જયંતિ ભાઈ પરમાર ૨ હંસાબેન આધાર સિંહ પરમાર ૩ તમા બા જયંત સિંહ




પરમાર ૪ નટવર સિહ આધાર સિંહ પરમાર ૫ સુધા બેન નટવર સિંહ પરમાર ૬ મહેશ ભાઈ બાલું સિંહ પરમાર ૭કિશન સિંહ નટવર સિંહ પરમાર ૮ નિકુલ સિંહ દલપત સિંહ પરમાર તમામ રહે જૂના કેશર પુરા તા તલોદ જિલ્લો સાબરકાંઠા વિરૂધ્ધ લેન્ડ ગ્રમિંગ એક્ટ હેઠળ ગુનો નોંધી નાયબ પોલીસ અધિક્ષક એ કે પટેલે વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે

# હિંમતનગર તાલુકાના મીની પાવાગઢ સમાવાંટડા ડુંગર પર વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ગાંભોઈ, તા.૨૮

હિંમતનગર તાલુકાના મીની પાવાગઢ સમા વાંટડા ગામે કાલિકા માતાજી મંદિર ના ડુંગર પરિસર પર સ્થાનિક ગ્રામ પંચાયત ,શાળા કોલેજ અને પોલીસ તંત્રના સંયુક્ત ઉપક્રમે પૂર્વ સાંસદ ડો. મહેન્દ્રસિંહ ચૌહાણ ના અધ્યક્ષ સ્થાને તેમજ વાંટડા સરપંચ હિરસિંહ પરમાર અને ગાંભોઈ પી.એસ.આઈ જે .એમ .રબારી ની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો .આ પ્રસંગે શાળા કોલેજ ના વિદ્યાર્થીઓ અને શિક્ષક ગણ તેમજ સ્થાનિક ગ્રામજનો એ ૨૦૦૦ વૃક્ષોના રોપા વાવીને તેનું જતન કરવાનો સંકલ્પ લીધો હતો.